"ધીરેન્દ્ર મહેતાના સર્જન વિવેચનનો સમીક્ષાત્મક અભ્યાસ"

# "A CRITICAL STUDY OF DHIRENDRA MEHTA'S LITERARY AND CRITICAL WORKS"

**A**

**SYNOPSIS OF THE THESIS SUBMITTED**

**TO**

**THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA.**

**FOR THE DEGREE OF**

*Doctor of Philosophy*

**(IN GUJARATI)**


**Submitted By**

**Anitabahen N. Padariya**

**Under the Guidance of**

**Dr. Bharat C.Pandya**

**Associate Professor**

**Department of Gujarati**

**Faculty of Arts**

**The Maharaja Sayajirao University of Baroda**

**Vadodara-390002.**

**Gujarat.**


**[ March – 2019 ]**

## “ધીરેન્દ્ર મહેતાના સર્જન-વિવેચનનો સમીક્ષાત્મક અભ્યાસ”

ગુજરાતી ભાષાસાહિત્યમાં ધીરેન્દ્રમહેતા આમ તો આધુનિક સમયના કથા સાહિત્યકાર તરીકે ખ્યાતિ પામ્યા છે. પરંતુ પરંપરાથી જુદી રીતે અને આધુનિકતાના અભિનિવેશ વિના પોતીકી રીતે આગવા મિજાજવાળી નવલકથાઓ તેમને ગુજરાતી સાહિત્યમાં અર્પી છે. વીસમી સદીના આઠમા દાયકાના ગુજરાતી સાહિત્યકારોમાં કથાસાહિત્યકારરૂપે વિશેષ સ્થાન ધરાવે છે. તેમના સાહિત્યમાં સંવેદનાની ઉત્કટત અભિવ્યક્તિ જોવા મળે છે. તથા કૃતિઓમાં માનવીય સંબંધો અને તેમાં સંજોગોની સંકુલતા ધ્યાનકર્ષક બને છે. ધીરેન્દ્ર મહેતાના સાહિત્ય સર્જનને અભ્યાસ રૂપે રજુ કરવામાં પ્રયાસ કરવામાં આવ્યો છે, સર્જકના દરેક પાસાને જોઈ શકાય તે માટે આ શોધનિબંધનો છ પ્રકરણોમાં અભ્યાસ આ પ્રમાણે છે :

❖ શોધનિબંધની રૂપરેખા

(૧) ધીરેન્દ્ર મહેતા જીવન સંદર્ભ

(૨) ધીરેન્દ્ર મહેતાનું કથાસાહિત્ય:

૨.૧ નવલકથા સૃષ્ટિ
૨.૨ લઘુનવલ
૨.૨ વાર્તા સૃષ્ટિ

(૩) ધીરેન્દ્ર મહેતાનું કાવ્યવિશ્વ

(૪) ધીરેન્દ્ર મહેતાનું વિવેચન સાહિત્ય

(૫) ધીરેન્દ્ર મહેતાનું પ્રકીર્ણ સાહિત્ય

(૬) ઉપસંહાર

પરિશિષ્ટ-૧ સર્જક ગ્રંથ-પ્રકાશનની કાલાનુક્રમસૂચિ

પરિશિષ્ટ-૨ સામાયિક લેખ સૂચિ

પરિશિષ્ટ-૩ સંદર્ભ ગ્રંથ સૂચિ

પ્રકરણ -૧ ધીરેન્દ્ર મહેતા જીવન સંદર્ભ :

પ્રસ્તુત પ્રકરણમાં સર્જકના વ્યક્તિત્વ અને સાહિત્ય રુચિને ઘડનારા પરિબળોને વણી લીધા છે. જેમાં તેમનો જન્મ-ઉછેર, કૌટુંબિક વાતાવરણ,વિદ્યાભ્યાસ દરમ્યાનના અનુભવો, વાંચનરુચિ, સાહિત્ય સાથેનું જોડાણ, પ્રત્યક્ષ કે પરોક્ષ વ્યક્તિઓનો સર્જક ચેતના પર પ્રભાવ, જીવન અને સાહિત્ય પ્રત્યેનો સર્જકનો દ્રષ્ટિકોણ જેવા પાસાઓની ચર્ચા અહી કરી છે. જે માટે સામયિકોમાં આવતાં લેખ, કેફિયત તથા અંગત મુલાકાતનો આધાર-સામગ્રી રૂપ ઉપયોગ કર્યો છે. બધાં પ્રકરણોને અંતે સર્જક સાથેનો સંશોધકનો સંવાદ રજુ કર્યો છે.

પ્રકરણ – ૨ ધીરેન્દ્ર મહેતાનું કથાસાહિત્ય :

આ પ્રકરણમાં ધીરેન્દ્ર મહેતાના કથાસાહિત્યને ત્રણ સ્વરૂપ અનુસાર વર્ગીકૃત કર્યા છે.

૨.૧ નવલકથા સૃષ્ટિ :

ધીરેન્દ્રમહેતાની પ્રથમ નવલકથા ‘વલય’થી આરંભાયેલી સર્જનયાત્રા ઉત્તરોત્તર આગળ વધી છે. ‘વલય’,‘ચિહ્ન’,‘દિશાન્તર’,‘અદ્રશ્ય’,‘આપણે લોકો’,‘ખોવાઈ ગયેલી વસ્તુ’,‘ભંડારી ભવન’,‘છાવણી’ જેવી કૃતિનો નવલકથા સ્વરૂપ અનુસાર વિષયવસ્તુ, પાત્રચિત્રણ, પરિવેશ, ભાષાશૈલી અને રચનાપ્રયુક્તિ વગેરે જેવા સ્તરે અભ્યાસ કર્યો છે.

૨.૨ લઘુનવલ :

કાવેરી અને દર્પણલોક’,‘ધારણા’,‘ઘર’ – આ ત્રણ પુસ્તકો પૈકી ‘કાવેરી’,‘દર્પણલોક’,‘રાવજી માસ્તરનું મૃત્યુ’,‘બે બેહનો’,‘ધારણા’ જેવી પાંચ લઘુનવલ કે લાંબી ટૂંકી વાર્તા કહી શકાય તેવી કૃતિઓનો સમાવેશ પ્રસ્તુત પ્રકરણમાં થયો છે. અહી પ્રસ્તુત કૃતિઓને તેના સ્વરૂપ અનુસંધાને તથા વસ્તુસામગ્રી, પાત્રચિત્રણ, પરિવેશ, ભાષાશૈલી અને રચનાપ્રયુક્તિ વગેરે જેવા સ્તરે અભ્યાસ કર્યો છે.

૨.૨ વાર્તા સૃષ્ટિ :

ધીરેન્દ્ર મહેતાની વાર્તા કળાનો અભ્યાસ તેમના વાર્તાસંગ્રહોના આધારે કર્યો છે. સર્જક્ના ત્રણ વાર્તાસંગ્રહો અનુક્રમે ‘સમ્મુખ’,‘એટલું બધું સુખ’,‘હું એને જોઉં એ પહેલાં’ છે. આ ઉપરાંત વર્તમાન સમયમાં પ્રકાશિત ‘ગંઠાય ગયેલું લોહી’ વાર્તાસંગ્રહને અભ્યાસમાં સમાવિષ્ટ કર્યો છે. પ્રસ્તુત વાર્તાસંગ્રહોમાંથી પસાર થતાં વિષયવસ્તુની નાવીન્યતા ભાવક માટે ધ્યાનાકર્ષક બની

રહે છે. સર્જકે માનવ(સ્ત્રી-પુરુષ)ના સંબંધોના ભિન્ન ભિન્ન પાસોને અભિવ્યક્તિ આપી છે. જેમાં માનવીય સંબંધોનું સંકુલપણું વાર્તાઓમાં દ્રશ્યમાન થાય છે. જેમાં સર્જકે પરંપરાગત અને આધુનિક એવી બન્ને લેખનશૈલીનો ઉપયોગ કર્યો છે. પ્રસ્તુત પ્રકરણમાં કથનકેન્દ્ર, પાત્રચિત્રણ, પરિવેશ, નિરૂપણરીતિ વગેરે જેવા સ્તરે વાર્તાઓનો અભ્યાસ કર્યો છે.

ઉપરના ત્રણેય સ્વરૂપની દરેક કૃતિની ચર્ચા કરવામાં આવી છે અને અંતે કૃતિમાં રહેલ વિશેષતા અને મર્યાદાની તુલનાત્મક રીતે તપાસ કરવામાં આવી છે.

પ્રકરણ -૩ ધીરેન્દ્ર મહેતાનું કાવ્યવિશ્વ :

પ્રસ્તુત પ્રકરણમાં સર્જકની કવિ તરીકેની પ્રતિભા પ્રસ્તુત બને છે. તેમને બે કાવ્યસંગ્રહ 'પવનના વેશમાં' અને પ્રત્યંચાનો કંપ'માં ગઝલ, સોનેટ, ગીત, અછાંદસ સ્વરૂપની રચના મળે છે. જેમાં ઊર્મિની અભિવ્યક્તિ, વિષયવસ્તુની નાવીન્યતા,(ભૂકંપ વિષયક, કચ્છ પ્રદેશના કાવ્યો) તથા કાવ્યની ભાષાનો અભ્યાસ કરવામાં આવ્યો છે. 'ભૂસકાની ઉજાણી' બાળકાવ્યસંગ્રહ વિશેની ચર્ચા કરેલ છે.

પ્રકરણ -૪ ધીરેન્દ્ર મહેતાનું વિવેચન સાહિત્ય :

ધીરેન્દ્ર મહેતાસર્જનાત્મકક્ષેત્રસાથે વિવેચનાત્મક ક્ષેત્રમાતબર પ્રદાન કર્યું છે.'નંદશંકરથી ઉમાશંકર', 'જયંત ખત્રી' 'નિસબત', 'બાતમી', 'ગુજરાતી નવલકથાના પુનઃમૂલ્યાંકનો' અને 'મોરચંગના સૂર' વિવેચનના પુસ્તકો જોવા મળે છે. આ ઉપરાંત કચ્છી ભાષાના કાવ્યોનો આસ્વાદલક્ષી વિવેચનાત્મક પુસ્તક 'ઘટડો મિંજ તો ગરે' મળે છે. આ ઉપરાંત તાજેતરમાં પ્રકાશિત થયેલ 'સર્જક-અષ્ટક', 'દર્શક અને બીજા લેખો' , 'ઉમાશંકર મારા આભલામાં' જેવા વિવેચનના પુસ્તકોનો સમાવેશ અભ્યાસમાં કરવામાં આવ્યો છે. જેમાં પ્રત્યક્ષ વિવેચન અને સિદ્ધાંતલક્ષી વિવેચન તથા વિવેચનની પદ્ધતિ અને વિવેચનાત્મક ભાષાની તપાસ કરવામાં આવી છે.

પ્રકરણ -૫ ધીરેન્દ્ર મહેતાનું પ્રકીર્ણ-સાહિત્ય :

પ્રસ્તુત પ્રકરણમાં સર્જકના સંપાદન કાર્યને સમાવવામાં આવ્યું છે. 'રણની આંખમાં દરિયો', 'કાલઘટિકાના વ્યાખ્યાનો' અને 'વનુંપાંધીની સાગરકથાઓ' સંપાદનના પુસ્તકો છે. જેમાં કચ્છ પ્રદેશની વાર્તાઓઅને સાગરકથાઓનો સમાવેશ થાય છે. એક સર્જનાત્મક સર્જક જ્યારે સંપાદન જેવી પ્રવૃતિમાં જોડાય છે. ત્યારે તે કેવી રીતે કાર્ય કરે છે? તેનો અભ્યાસ

કરવામાં આવ્યો છે. તેમના તાજેતરમાં પ્રકાશિત થયેલ સંપાદન પુસ્તકો 'સુકાનીની સાગરકથાઓ' અને ચંદ્રશંકર બુચ સુકાની'ને અભ્યાસમાં સમાવી લીધા છે.

પ્રકરણ -૬ ઉપસંહાર:

પ્રસ્તુત પ્રકરણમાં આગળના પ્રકરણોના અનુસંધાને સર્જક્ના સર્જન-વિવેચન કાર્યનો ક્યાસ આપે છે. કોઈ પણ સર્જક તેના જીવન અને અનુભવોને સાથે અભિવ્યક્તિ બળ મેળવે છે. જે આપણે ગુજરાતી સાહિત્યના સર્જકો નર્મદ, કલાપી કે રાવજી પટેલ જેવા સર્જકોના સાહિત્ય સર્જનમાં જોઈ શકાય છે. ક્યાંક તેમના સમયના સુધારાને,સંવેદનને, તો કોઈમાં જીવન જીવવાની ઝંખનાને શબ્દ દ્વારા સાહિત્યમાં અભિવ્યક્ત કરે છે. એ જ રીતે, ધીરેન્દ્ર મહેતાની શારીરિક અશક્તિએ તેમને સંબંધોની નિકટતાથી જોવાની શક્તિ આપી છે. એકલતાનો ઝુરાપો અને સંબંધોની સંકુલતાનો અનુભવ સર્જકને જીવન તરફની દ્રષ્ટિ આપી છે. જે તેમના સાહિત્ય સર્જનના આલેખનનો વિષય બની રહ્યો છે. જે વાર્તા, નવલકથા અને કાવ્યોમાં અનુભવી શકાય છે. ધીરેન્દ્ર મહેતાના સાહિત્ય સર્જનની વિશિષ્ટતા અને મર્યાદાઓનો ઉલ્લેખ જે-તે પ્રકરણમાં કરેલ છે. પ્રસ્તુત પ્રકરણમાં સર્જક્ના સાહિત્ય સર્જનનું સર્વાંગી સર્જક તરીકેનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. અને દરેક પ્રકરણને અંતે ઉપયોગમાં લેવાયેલી સંદર્ભ સામગ્રીની સૂચિ મુકવામાં આવી છે.

પરિશિષ્ટ-૧ સર્જક ગ્રંથ-પ્રકાશનની કાલાનુક્રમસૂચિ

પરિશિષ્ટ-૨ સામાયિક લેખ સૂચિ

પરિશિષ્ટ-૩ સંદર્ભ ગ્રંથ સૂચિ

સ્થળ : વડોદરા                                        રજૂ કરનાર :

તારીખ : 12/03/2019                                   અનિતા એન. પાદરીયા

| માર્ગદર્શક | અધ્યક્ષ | ડીન |
|---|---|---|
| ડૉ. ભરતકુમાર સી. પંડ્યા | ગુજરાતી વિભાગ | ફેકલ્ટી ઓફ આર્ટ્સ |